SEAT NO.:-________

No. of printed page:- 02

[1]

**SARDAR PATEL UNIVERSITY**

**B.A.SEM.IV EXAMINATION (On Demand)**

**UA04SGUJ51 (SKILL ENHANCEMENT)**

ગુજરાતી ભાષાકૌશલ ભાગ-૨

**Date:- 11/08/2023(FRIDAY)** **TIME: 10:00 P.M. TO 12:00 P.M.** **Marks:- 50**

પ્રશ્ન –૧ તમારી કૉલેજમાંથી યોજાયેલા એન.એન.એસ. કેમ્પનું વર્ણન કરતો અહેવાલ લખો. (૧૫)

અથવા

અતિવર્ષાને કારણે સર્જાયેલ પાયમાલીનો ખ્યાલ આપતો અહેવાલ લખો.

પ્રશ્ન –૨ તમારા મિત્રને વિખૂટા પડેલા મિત્રનો અભ્યાસકાળનાં સ્મરણ આલેખતો પત્ર મિત્રને લખો. (૧૫)

અથવા

તમે પ્રવાસે જવા ઈચ્છો છો, તે માટે તમારા પિતાની સંમતિ માગતો પત્ર લખો.

પ્રશ્ન –૩ નીચે આપેલ કાવ્ય વાંચી આપેલ પ્રશ્નોના જવાબ લખો. (૨૦)

તીર્થોત્તમ

ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની
પૂરી, કાશી, કાંચી, અવધ, મથુરા ને અવર સૌ
ભમ્યો યાત્રાધામો, અડસઠ જલે સ્નાન કરિયાં;
વળી સાથે લાવ્યો વિમલ ઘટ ગંગોદક ભરી.
છતાં રે ના લાધ્યું પ્રભુ! પુનીત એક્કે તીર્થ,જ્યાં
શકે મારી છીપી ચરમ મનીષા તું-દરસની!
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં,
વહ્યા એથી ઝાઝા સતત ઘટમાળ જીવનની!
અમે બે સાંજુકા સહજ મઢીઓટે નિત પટે
વળ્યાં'તાં વાતોએ, નયન નમણાં ટે સખીતણાં
ઢળ્યાં'તા વાત્સલ્યે, મૃદુલ નવજાતાકલી પરે-
ઝૂકી, ઢાંકી જેને અરધપરધા પાલવ થકી
ઉછંગે પિવાડી અનગળ રહી અમૃતઝરા!
મને એ ચક્ષુમાં પ્રભુ! જગત તીર્થોત્તમ મળ્યું.

-બાલમુકુન્દ દવે

પ્રશ્નો:-

(૧) કવિ કયાં સ્થળોએ ભમે છે? શા કારણે?

(૨) યાત્રાધામોમાં કવિ કેવી રીતે વર્તે છે?

(૩) તીર્થક્ષેત્રોમાં કવિ હ્રદયની કઇ ઝંખના સંતોષાતી નથી?

(૪) જગતનું ઉત્તમ તીર્થ કવિની દૃષ્ટિએ કયું છે? શાથી?

(૫) આ કાવ્યનો પ્રકાર અને છંદ જણાવો.

અથવા

પ્રશ્ન – ૩ નીચે આપેલ ગદ્યખંડ વાંચી આપેલ પ્રશ્નોના જવાબ લખો. (૨૦)

ખરી કેળવણી તો શાળા છોડ્યા પછી શરૂ થાય છે. જેણે તેની કિંમત જાણી છે તે તો સદાયને સારું વિદ્યાર્થી છે. પોતાનું કર્તવ્યપાલન કરતાં અને તેના કર્તવ્યપાલનને અર્થે, તેના જ્ઞાનમાં નિત્ય વૃદ્ધિ થવી જોઇએ.

કેળવણીની પ્રગતિમાં એક વસ્તુ રોકનારી થઇ પડી છે. શિક્ષક વિના શિક્ષણ લેવાય જ નહીં એ વહેમ સમાજની બુદ્ધિને રૂંધી નાંખે છે. મનુષ્યનો ખરો શિક્ષક તે પોતે જ છે. આજકાલ તો શિક્ષણ પોતાની મેળે મેળવવાનાં સાધનો પણ પુષ્કળ થઈ પડ્યાં છે. અનેક વસ્તુનું જ્ઞાન સહુ ખંતથી મેળવી શકે છે, અને જ્યાં શિક્ષકની જરૂર પડે છે ત્યાં પોતે મેળવી લે છે. અનુભવ મોટામાં મોટી નિશાળ છે. અનેક ધંધા તો શાળામાં ન શિખાય, પણ તે તે ધંધાનાં કૌશલ દુકાન કે કારખાનામાં શિખાય છે. શાળાનું જ્ઞાન ઘણીવાર પોપટિયું હોય છે. ધંધાઓની બહારનું જ્ઞાન પુસ્તકોમાંથી મળે છે. એટલે મોટી ઉંમરે પહોંચેલાને સારું શાળાની જરૂર કરતાં ઈચ્છાની, ખંતની અને આત્મવિશ્વાસની જરૂર છે.

- ગાંધીજી

પ્રશ્નો:-

(૧) ખરી કેળવણી કેવી રીતે મેળવી શકાય?

(૨) કેળવણીની પ્રગતિમાં કઇ બાબત વિઘ્નરૂપ થઈ પડે છે?

(૩) ગાંધીજીની દૃષ્ટિએમનુષ્યનો ખરો શિક્ષક કોણ ગણાય? શાથી?

(૪) સમજાવો: 'અનુભવ મોટામાં મોટી નિશાળ છે'.

(૫) પ્રૌઢ માણસોની કેળવણી માટે ગાંધીજી કયો માર્ગ સૂચવે છે?

——— x ———